GIDC એમ્નેસ્ટી યોજના અમલમાં મુકવાનો રાજ્ય સરકારનો નિર્ણય

# GIDCના પ્લોટધારક MSME ઉદ્યોગોને સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા સુધીની રાહત

**જૂના** તબદીલી વ્યવહારોની બાકી સ્ટેમ્પ ડ્યુટી અને પેનલ્ટીના બોજમાંથી રાહત

**લાયકાત** ધરાવતા MSME એકમો માટે માત્ર ૨૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી અને લાગુ પેનલ્ટીની વસૂલાત થશે

ગાંધીનગરઃ રાજ્યમાં ઉદ્યોગકારો માટે સરકારી પ્રક્રિયાઓ વધુ સરળ બનાવવા અને ઔદ્યોગિક મિલકતોના જૂના વ્યવહારોને કાયદેસર નોંધણીના માળખામાં લાવવા રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. GIDCના ઔદ્યોગિક પ્લોટ અથવા શેડના અગાઉના તબદીલી વ્યવહારોમાં બાકી રહેલી સ્ટેમ્પ ડ્યુટી અને તેના પર લાગતી ભારે પેનલ્ટીના બોજમાંથી પાત્ર MSME ઉદ્યોગોને રાહત આપવા GIDC એમ્નેસ્ટી યોજના અમલમાં મૂકવામાં આવશે. આ યોજના હેઠળ પાત્ર કિસ્સાઓમાં સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા સુધીની રાહત આપવામાં આવશે અને માત્ર ૨૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી તથા લાગુ પેનલ્ટીની વસૂલાત કરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ઉદ્યોગકારો અને જીઆઈડીસી એસોસિએસનો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે.

ભૂતકાળમાં જીઆઈડીસીના પ્લોટ કે શેડની તબદીલી વખતે અનેક કિસ્સાઓમાં નોંધાયેલા ભાડાપટ્ટા દસ્તાવેજને બદલે ફાળવણી પત્ર, પૂરક કરાર જેવા દસ્તાવેજો કરવામાં આવ્યા હતા. પરિણામે અગાઉના વ્યવહારોમાં યોગ્ય સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ થઈ શકી ન હતી. હવે આવા જૂના વ્યવહારોમાં વર્તમાન પ્લોટધારકને ભાડાપટ્ટા દસ્તાવેજ અથવા અન્ય જરૂરી દસ્તાવેજની નોંધણી કરાવતી વખતે અગાઉની બાકી સ્ટેમ્પ ડ્યુટી સાથે ભારે પેનલ્ટી ભરવાનો પ્રશ્ન ઊભો થતો હતો. નવી એમ્નેસ્ટી યોજનાથી આ નાણાકીય બોજમાં નોંધપાત્ર ઘટાડો થશે અને મિલકતોની કાયદેસર નોંધણીને પણ વેગ મળશે.

યોજના હેઠળ માન્ય ઉદ્યમ પ્રમાણપત્ર ધરાવતા MSME પ્રકારના ઉદ્યોગોને મુખ્યત્વે લાભ આપવાનો પ્રસ્તાવ છે. ૩૦ જૂન, ૨૦૨૫ સુધીના પાત્ર ફાળવણી પત્ર, હિસ્સા તબદીલી, ભાડાપટ્ટા-પેટા ભાડાપટ્ટા તેમજ મિલકતની તબદીલી સાથે સંકળાયેલા અન્ય પાત્ર વ્યવહારોને યોજનામાં આવરી લેવામાં આવશે. પાત્ર કિસ્સાઓમાં લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીમાંથી ૮૦ ટકા સુધીની રકમ માફ કરીને બાકીની ૨૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી તથા લાગુ પેનલ્ટી વસૂલવાનો પ્રસ્તાવ છે. જોકે, ૨૦ ટકા સ્ટેમ્પ ડ્યુટી અને પેનલ્ટીની કુલ રકમ મૂળ સ્ટેમ્પ ડ્યુટી કરતાં ઓછી થતી હોય તો મૂળ સ્ટેમ્પ ડ્યુટી જેટલી રકમ વસૂલ કરવામાં આવશે. ૧ જાન્યુઆરી, ૨૦૧૮ પહેલાં થયેલી તબદીલીઓ માટે પણ વિશેષ રાહતનો પ્રસ્તાવ છે. આવી તબદીલીઓમાં છેલ્લી તબદીલીના દસ્તાવેજ માટે નક્કી થતી બજાર કિંમતના આધારે લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટીમાં ૮૦ ટકા રાહત આપી બાકીની ૨૦ ટકા ડ્યુટી અને લાગુ પેનલ્ટી વસૂલ કરવામાં આવશે. ૧ જાન્યુઆરી, ૨૦૧૮ કે ત્યારબાદની પાત્ર તબદીલીઓમાં પણ ૮૦ ટકા રાહત આપવાનો પ્રસ્તાવ છે. યોજનાનો લાભ મેળવનારા વર્તમાન પ્લોટધારકે લાગુ પડતી સ્ટેમ્પ ડ્યુટી અને પેનલ્ટીની રકમ ભરવી તેમજ સંબંધિત મિલકતની કાયદેસરની નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. અપીલના તબક્કે રહેલા પાત્ર કિસ્સાઓમાં નિર્ધારિત શરતોને આધીન લાભ મળવાની તથા કોર્ટમાં પિટિશન દાખલ કરેલી હોય તેવા કિસ્સામાં પિટિશન પરત ખેંચવાની શરતે યોજનાનો લાભ આપવાની જોગવાઈ પણ કરવામાં આવશે.

## હવે, ગુજરાતમાં પ્રજાનાં સૂચનો પરથી થશે વહીવટી સુધારા

**૨** ઓક્ટોબરથી ૨૫ ડિસેમ્બર સુધી 'રિફોર્મ ઉત્સવ' 'જન મંથન'થી સૂચનો એકત્ર કરી 'જન સમાધાન'માં અમલ કરાશે

ગાંધીનગરઃ નાગરિકોની રજૂઆતો અને સૂચનોને માત્ર ફરિયાદ નિવારણ પૂરતા મર્યાદિત રાખવાને બદલે તેને પદ્ધતિગત વહીવટી સુધારામાં પરિવર્તિત કરવા ગુજરાતમાં ૨ ઑક્ટોબરથી ૨૫ ડિસેમ્બર સુધી 'રિફૉર્મ ઉત્સવ' યોજાશે. આ અભિયાનમાં નાગરિકો પાસેથી સૂચનો મેળવી તેનું વિશ્લેષણ કરીને સમગ્ર વ્યવસ્થામાં વ્યાપક અસર કરી શકે તેવા સુધારાઓ ઓળખવામાં આવશે અને સમયબદ્ધ રીતે તેનો અમલ કરવામાં આવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સીધા નેતૃત્વ હેઠળ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાજ્ય કક્ષાની સમિતિની રચના કરવામાં આવી છે. મુખ્ય સચિવની અધ્યક્ષતાવાળી આ સમિતિમાં તમામ વિભાગોના અધિક મુખ્ય સચિવ, અગ્ર સચિવ અને સચિવ સભ્ય રહેશે. સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગના અગ્ર સચિવને રાજ્ય કક્ષાના નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. રિફૉર્મ ઉત્સવનો પ્રથમ તબક્કો 'જન મંથન' રહેશે, જેમાં ૨થી ૩૧ ઑક્ટોબર દરમિયાન નાગરિકોના સૂચનો એકત્ર કરવામાં આવશે. ત્યાર બાદ 'વિમર્શ' તબક્કામાં સૂચનોનું વિશ્લેષણ કરી અમલપાત્ર સુધારાઓને ઝડપી અમલ થઈ શકે તેવા અને મધ્યમ ગાળાના સુધારા તરીકે વર્ગીકૃત કરવામાં આવશે. ત્રીજા તબક્કા 'જન સમાધાન'માં ઝડપી સુધારાઓનો અમલ કરાશે અને મધ્યમ ગાળાના સુધારાઓ માટે અમલીકરણનો માર્ગ નક્કી કરવામાં આવશે. જિલ્લા કક્ષાએ કલેક્ટરની અધ્યક્ષતામાં અને જિલ્લા વિકાસ અધિકારીની સહ-અધ્યક્ષતામાં સમિતિઓ રચવામાં આવી છે. ઑક્ટોબર દરમિયાન પંચાયત, વોર્ડ, જનસભા, શેરી નાટક, મહિલા સ્વસહાય જૂથો, વેપારી મંડળો, સહકારી સંસ્થાઓ, ઔદ્યોગિક એકમો અને અન્ય સ્થળોએ જનજાગૃતિ પ્રવૃત્તિઓ યોજાશે.

## ભાવનગર લઠ્ઠાકાંડમાં મુખ્ય આરોપીને મદદ કરનાર પોલીસ કર્મીની ધરપકડ

**મુખ્ય** આરોપી ગૌતમ સોલંકી સાથે સતત સંપર્ક અને મદદગારીનો આરોપ, રાજદીપસિંહ ગોહિલને કોર્ટમાં રજૂ કરાયો

**અત્યાર** સુધી કુલ 39ની ધરપકડ કરાઈ, જેમાંથી 14 જેલમાં અને 24 પોલીસ રિમાન્ડ પર છે

ગાંધીનગરઃ ભાવનગર લઠ્ઠાકાંડની તપાસમાં મોટો વળાંક આવ્યો છે. લઠ્ઠાકાંડના મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સાથે સતત સંપર્કમાં રહેવા અને ગુનામાં મદદગારી કરવાના આક્ષેપસર ભાવનગર ગ્રામ્ય પોલીસમાં ફરજ બજાવતા આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ગજેન્દ્રસિંહ ગોહિલની એસએમસી દ્વારા ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ બાદ કોન્સ્ટેબલના રિમાન્ડ મેળવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

લઠ્ઠાકાંડની તપાસ દરમિયાન ભાવનગર ગ્રામ્યના એએસપીની સ્ક્વોડમાં ફરજ બજાવતા રાજદીપસિંહ ગોહિલની ભૂમિકા અંગે એસએમસીએ તપાસ હાથ ધરી હતી. તપાસમાં મુખ્ય આરોપી ગૌતમ સોલંકી સાથે તેમનો સતત સંપર્ક હોવાની વિગતો સામે આવી હતી. પોલીસકર્મીની આ કેસમાં મદદગારી પ્રસ્થાપિત થતાં તેની ધરપકડ કરવામાં આવી હોવાનું તપાસ એજન્સીએ જણાવ્યું છે. પોલીસકર્મીની ધરપકડથી લઠ્ઠાકાંડની તપાસમાં ખળભળાટ મચ્યો છે. ગૌતમ સોલંકી સાથે કોન્સ્ટેબલનું કનેક્શન ક્યારથી છે, અને સમગ્ર પ્રકરણમાં તેની ચોક્કસ ભૂમિકા શું હતી તે અંગે રિમાન્ડ દરમિયાન વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા છે. એસએમસીની તપાસ મુજબ, ભાવનગર લઠ્ઠાકાંડમાં અત્યાર સુધી કુલ 39 આરોપીની ધરપકડ કરવામાં આવી છે. તે પૈકી 14 આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં, જ્યારે 24 આરોપીઓ પોલીસ કસ્ટડી રિમાન્ડ પર છે. વધુમાં પોલીસકર્મીની ધરપકડ બાદ તપાસમાં નવા ખુલાસા થવાની શક્યતા વધી છે.

## સુભાષ ચંદ્રાના કેસમાં હોબાળો થતાં NCLT ને પીછેહઠ કરવાની ફરજ પડી છે



નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT) એસ્સેલ ગ્રુપના ચેરમેન સુભાષ ચંદ્રાનું ૨૨,૦૦૬ કરોડ રૂપિયાનું દેવું ઘટાડીને ૬.૨૫ કરોડ રૂપિયા કરી નાખ્યું તેની ભારે નિંદા થવાના પગલે NCLTએ નાદારી કેસમાં ૨૫ ઓગસ્ટના પોતાના આદેશ પર સ્ટે આપ્યો છે. નેશનલ કંપની લો ટ્રિબ્યુનલે એ નિર્દેશ આપ્યો હતો કે તેઓ ગેરંટર તરીકે તેમની સંપત્તિઓ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, અન્ય કોઈને ટ્રાન્સફર કરી કે વેચી નહીં શકે. આ કેસની સુનાવણી કરી રહેલા ત્રણ સભ્યો વચ્ચે મતભેદ બાદ આ મામલો હવે NCLTના પાંચ સભ્યોની ખાસ બેન્ચને મોકલવામાં આવ્યો છે. અગાઉના આદેશમાં કુલ લેણી રકમના અત્યંત નાના ભાગ સાથે મંજૂર થયેલા દાવાઓનો નિકાલ કેવી રીતે થઈ શકે તે અંગે પ્રશ્નો ઊભા થયા હતા. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે નાદારીની કાર્યવાહીમાં નિર્ણય લેતાં પહેલાં પાંચ સભ્યોની બેન્ચ અગાઉના સભ્યોનાં અલગ મંતવ્યો પર વિચારણા કરશે. આ નિર્ણય વચ્ચે ઝી મીડિયા કોર્પોરેશન લિમિટેડના શેરમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. BSE ડેટા દર્શાવે છે કે ZMCL ના શેર લગભગ ૧ ટકા ઘટીને ૮.૫૪ રૂપિયા પર છે.

સુભાષ ચંદ્રા સામેની નાદારીની કાર્યવાહી એસ્સેલ ગ્રુપ સાથે સંકળાયેલી કંપનીઓને તેમણે આપેલી વ્યક્તિગત ગેરંટી સાથે સંબંધિત છે. વિવેક ઇન્ફ્રાકોનને આપેલી ૧૭૦ કરોડ રૂપિયાની લોન બેડ લોન (NPA) બન્યા બાદ ઇન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઇનાન્સે ૨૦૨૨ માં તેમની સામે કાર્યવાહી શરૂ કરી હતી. ૨૦૨૪ માં નાદારીની અરજી દાખલ કરવામાં આવી હતી અને ત્યાર બાદ ઘણાં અન્ય લેણદારો કાર્યવાહીમાં જોડાયાં હતાં. NCLT બેન્ચના બે સભ્યો અશોકકુમાર ભારદ્વાજ (ન્યાયિક સભ્ય) અને રીના સિંહા પુરી (ટેકનિકલ સભ્ય)ના બે સભ્યો આ બાબતે મતભેદ હતા. આ પછી NCLT પ્રમુખે ન્યાયિક સભ્ય નીલેશ શર્માને ત્રીજા સભ્ય તરીકે નિયુક્ત કર્યા હતા. નીલેશ શર્માએ ૨૫ ઓગસ્ટના તેમના આદેશમાં ચુકવણીની યોજનાને મંજૂરી આપી હતી અને બહુમતી અભિપ્રાય અનુસાર ઔપચારિક આદેશ માટે આ મામલો મૂળ ડિવિઝન બેન્ચને પરત કર્યો હતો. હવે NCLT ના પ્રમુખ જસ્ટિસ અનુપિન્દર સિંહ ગ્રેવાલે તેમની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની બેન્ચની રચના કરી છે. ઇતિહાસમાં પહેલી વાર આવી બેન્ચની રચના કરવામાં આવી છે. ચાર દાયકા પહેલાં ભારતમાં સેટેલાઇટ ટેલિવિઝનનો પાયો નાખનારા અને અગાઉ ભારતના સૌથી ધનિક ઉદ્યોગ સાહસિકોમાંના એક ગણાતા એસ્સેલ ગ્રુપના સુભાષ ચંદ્રા તેમની વ્યક્તિગત નાદારી કાર્યવાહીની વિગતો બહાર આવ્યા બાદ આ અઠવાડિયે ટીકાનો સામનો કરી રહ્યા છે. લેણદારોએ ૬.૨૫ કરોડ રૂપિયાના સમાધાનને મંજૂરી આપી હતી, જ્યારે વ્યક્તિગત ગેરંટી હેઠળ સ્વીકારવામાં આવેલા દાવાઓ કુલ ૨૨,૦૦૬ કરોડના હતા. સુભાષ ચંદ્રાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે ભારતીય બેંકો તરફથી કરાયેલા દાવાઓ ૫,૩૧૧ કરોડ રૂપિયાના છે અને તેઓ અપેક્ષા રાખે છે કે મુખ્ય લેણદારો ધિરાણકર્તાઓને બાકી રહેલી સંપૂર્ણ રકમ ચૂકવશે. એસ્સેલ ગ્રુપ અને ઝી એન્ટરટેઈનમેન્ટના સ્થાપક સુભાષ ચંદ્રાને મોટો ઝટકો લાગ્યો છે. બે વધુ લેણદારોએ જાહેરાત કરી છે કે તેઓ NCLTની ચુકવણી યોજના સામે NCLATમાં અપીલ કરશે. NCLAT ને અપીલ કરનારા બે લેણદારોમાં LIC હાઉસિંગ ફાઇનાન્સ અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયાનો સમાવેશ થાય છે. સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં LIC હાઉસિંગ ફાઇનાન્સે પુષ્ટિ આપી છે કે તે અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓ સાથે NCLAT સમક્ષ અપીલ દાખલ કરશે. LIC હાઉસિંગ ફાઇનાન્સે લખ્યું કે LIC હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (LIC HFL) અને કેનેરા બેંક અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયા (UK) લિમિટેડ સહિત અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓએ ડો. સુભાષ ચંદ્રા દ્વારા પ્રસ્તાવિત ચુકવણી યોજના વિરુદ્ધ મતદાન કર્યું હતું. આખરે અન્ય નાણાંકીય લેણદારો (જે કુલ લેણદારોના ૮૦.૮૧ ટકા હતા) દ્વારા ચુકવણી યોજનાની તરફેણમાં મતદાનને કારણે યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. LIC HFL તાત્કાલિક અન્ય જાહેર નાણાંકીય સંસ્થાઓ સાથે માનનીય NCLAT સમક્ષ અપીલ દાખલ કરશે. વધુમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે LIC હાઉસિંગ ફાઇનાન્સ અને કેનેરા બેંક જેવા અન્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમો (PSUs) સાથે મળીને NCLTના રિઝોલ્યુશન પ્લાનને નકારી કાઢ્યો હતો અને NCLTને તેને મંજૂરી ન આપવા અપીલ કરી હતી. HDFC બેંકે કહ્યું હતું કે તેણે સુભાષ ચંદ્રાના રિઝોલ્યુશન પ્લાન વિરુદ્ધ મતદાન કર્યું છે. તે હવે NCLTના આદેશ સામે અપીલ દાખલ કરવાનું વિચારી રહી છે. ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની બેંકે એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ કેસમાં તેનો સ્વીકારાયેલો દાવો કુલ જણાવેલા દાવાની કુલ રકમ (૬૮૦ કરોડ રૂપિયા) ના માત્ર ૩.૨ ટકા છે. આ દાવો મર્જર પહેલાં તેની ભૂતપૂર્વ પેરેન્ટ કંપની HDFC લિમિટેડ તરફથી પ્રાપ્ત થયો હતો. દરમિયાન સુભાષ ચંદ્રાએ જણાવ્યું હતું કે એસ્સેલ ગ્રુપે તેના કુલ રૂ. ૪૫,૦૦૦ કરોડનાં દેવાંમાંથી આશરે રૂ. ૪૩,૦૦૦ કરોડ ચૂકવી દીધા છે. તેમના હિસાબે પણ ૨,૦૦૦ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. તેમણે જૂથના દેવાનું સ્વતંત્ર ઓડિટ કરવાની માંગણી કરી હતી, જેમાં મીડિયાથી લઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.આ યોજનામાં ગેરંટર તરીકે સુભાષ ચંદ્રા તરફથી ૬.૨૫ કરોડ રૂપિયાની વ્યક્તિગત ચુકવણી અને લોન લેનારી એસેલ્લ જૂથની મુખ્ય કંપનીઓ તરફથી આશરે ૧,૪૯૪ કરોડ રૂપિયાની અલગ ચુકવણીનો પણ સમાવેશ થાય છે. ટ્રિબ્યુનલના આદેશથી પરિચિત સૂત્રોએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે NCLTની મંજૂરીનો અર્થ એ નથી કે બેંકોએ ૨૨,૦૦૬ કરોડ રૂપિયાની લોનના ૯૯.૯૭ ટકા ભાગને રાઈટ ઓફ કરી દીધો છે. તેમણે જણાવ્યું હતું કે ૨૨,૦૦૬ કરોડનો આંકડો સુભાષ ચંદ્રા સામે એસ્સેલ તથા ઝી ગ્રુપો સાથે જોડાયેલી કંપનીઓ દ્વારા લેવામાં આવેલી લોન માટે તેમણે વ્યક્તિગત લીધેલી લોનનું નહીં પણ વ્યક્તિગત ગેરંટર તરીકે સ્વીકારવામાં આવેલા દાવાઓનું પ્રતિનિધિત્વ કરે છે. મંજૂર થયેલા દાવાઓમાંથી લોન સમયે સુભાષ ચંદ્રા દ્વારા ૨,૫૭૪ કરોડ રૂપિયાની લોનની ગેરંટી આપવામાં આવી હતી. અન્ય ગેરંટીઓ વધારાની સુરક્ષા તરીકે સુભાષ ચંદ્રા દ્વારા પાછળથી આપવામાં આવી હતી. આ રીતે સુભાષ ચંદ્રા પણ કબૂલ કરે છે કે તેમણે ૨૨,૦૦૬ કરોડની લોન માટે ગેરંટી આપી હતી. આ ૨૨,૦૦૬ કરોડ રૂપિયાની લોન સુભાષ ચંદ્રાએ ભલે વ્યક્તિગત રીતે ન લીધી હોય, પણ તેમની કંપનીઓ દ્વારા લેવામાં આવી હતી અને તે ખોટી થઈ ગઈ હતી, તે પણ હકીકત છે. આ મામલે ટીકાનો સામનો કરી રહેલા સુભાષ ચંદ્રાએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે મેં કોઈ પણ ધિરાણકર્તા પાસેથી કોઈ પૈસા ઉધાર લીધા નથી. અસંમત લેણદારોનો દાવો ૩,૯૯૨ કરોડ રૂપિયાનો છે. આ રકમમાંથી ૬૨૦ કરોડ રૂપિયા પહેલાંથી જ ચૂકવવામાં આવ્યા છે અને લોન લેનારી કંપનીઓએ ૧,૦૬૩ કરોડ રૂપિયા ચૂકવવાની ઓફર કરી છે. જો સુભાષ ચંદ્રાની વાત સાચી માનીએ તો પણ તેમના જૂથની કંપનીઓ દ્વારા કેટલીક રકમ ઉધાર લેવામાં આવી હતી, જે પૈકી ૩,૯૯૨ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી હતા. તેમાંથી ૬૨૦ કરોડ રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા હોય તો પણ ૩,૩૭૨ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી છે. તે પૈકી લોન લેનારી કંપનીઓ દ્વારા ૧,૦૬૩ કરોડ રૂપિયા ચૂકવવાની ઓફર કરવામાં આવી હોય તો પણ તેમણે ૨,૩૦૯ કરોડ રૂપિયા ચૂકવવાના બાકી રહે છે. આ રૂપિયા કોણ ચુકવશે, તેનો કોઈ જવાબ આપવામાં આવતો નથી.

NCLT દ્વારા મોટા ઉદ્યોગપતિઓની અબજો રૂપિયાની લોન માફ કરી દેવામાં આવી હોય, તેવો આ પહેલવહેલો કિસ્સો નથી. અગાઉ પણ અનિલ અંબાણીની કંપનીઓની આશરે ૫૦,૦૦૦ કરોડ રૂપિયાની લોન માફ કરી દેવામાં આવી હતી. સુભાષ ચંદ્રાના કેસમાં આટલો બધો હોબાળો થયો તે પછી NCLTની કાર્યવાહી જ શંકાના ઘેરાવામાં આવી ગઈ છે. ભાજપના ટીકાકારો કહી રહ્યા છે કે ભાજપના મિત્ર ગણાતા ઉદ્યોગપતિઓ બેન્કોના અબજો રૂપિયા ડૂબાડીને જલસા કરી શકે તે માટે જ NCLTની રચના કરવામાં આવી છે, જેનો હવે વિરોધ થઈ રહ્યો છે. સુભાષ ચંદ્રાના કેસમાં આ વિરોધથી ડરીને જ કેસને ફરી ઓપન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

**હવે NCLT ના પ્રમુખ જસ્ટિસ અનુપિન્દર સિંહ ગ્રેવાલે તેમની અધ્યક્ષતામાં પાંચ સભ્યોની બેન્ચની રચના કરી છે. ઇતિહાસમાં પહેલી વાર આવી બેન્ચની રચના કરવામાં આવી છે**

# BUSINESS મિત્ર

## શેરબજારમાં જોરદાર 'રોલરકોસ્ટર' રાઇડ



**બેન્કિંગમાં** વેચવાલીથી રોકાણકારોના રૂ. 3.46 લાખ કરોડ ધોવાયા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી
અમદાવાદ, તા. 1

મીડલ ઈસ્ટના તણાવના પગલે ક્રુડ ઓઈલના વધતા જતા ભાવથી વૈશ્વિક બજારોમાં ચિંતા જોવાઇ હતી. જેની અસર ભારતીય શેરબજારમાં ઘટાડા સાથે ખુલ્યા હતા, પણ છેલ્લે નીચલા સ્તરેથી રીકવરી જોવા મળી હતી. જે છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. જોકે, આજે નિફ્ટી વીકલી એકસપાયરી હતી, જેથી ભારે ઉતારચઢાવ જોવા મળ્યો હતો.

અપેક્ષા કરતા વધુ સારી જીડીપી વૃદ્ધિ અને નીચા ભાવની ખરીદીને કારણે બજારમાં તીવ્ર રીકવરી થઈ, પરંતુ ત્યારબાદ ક્રુડ ઓઈલના ઉછાળા અને બેન્કીગ શેરોના વેચાણનું દબાણ રહ્યું હતું. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટીએ 24000 પોઈન્ટની સપાટી તોડી હતી. બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીનું દબાણ રહ્યું હતું અને ખાસ કરીને મિડકેપ શેરોમાં વેચવાલીનું વધુ દબાણ રહ્યું હતું.

સેકટર વાઈઝ જોઈએ તો એફએમસીજી અને આઈટી સેકટરના સુધારાએ બજારને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પણ ઓટો, બેન્કીગ અને ફાર્મા શેરોના દબાણથી બજાર ઘટયું હતું. જેના લીધે બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. 3.46 લાખ કરોડ ઘટ્યું હતું.

બીએસઇ સેન્સેક્સ 12.99 પોઈન્ટ એટલે કે 0.02 ટકા ઘટીને 76944.28 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેકસ 77231 પોઈન્ટના સ્તર સુધી ઉછળ્યા હતા, જ્યારે નીચામાં 76652 પોઈન્ટના સ્તર સુધી ઘટયા હતા. નિફ્ટી 24.60 પોઈન્ટ એટલે કે 0.10 ટકા ઘટીને 24055.80 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24143 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23952 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 615.35 પોઈન્ટ એટલે કે 1.06 ટકા ઘટીને 57409.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે વર્ધમાન ટેક્સટાઈલ્સમાં 84.7 ગણા, એલાઇડ બ્લેન્ડર્સમાં 16.85 ગણા, ગ્લાન્ડ ફાર્મામાં 7.73 ગણા, ગોદરેજ એગ્રોવેટમાં 6.51 ગણા, ગ્રેફાઇટ ઈન્ડિયામાં 5.44 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે વર્ધમાન ટેક્સટાઈલ્સમાં 125.1 ગણા, કેપલીન પોઈન્ટ લેબમાં 20.61 ગણા, એન્જિનીયર્સ ઈન્ડિયામાં 16.78 ગણા, ઉષા માર્ટીનમાં 9.4 ગણા અને ગ્રેફાઇટ ઈન્ડિયામાં 8.87 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.74 ટકા ઘટ્યા હતા અને બીએસઇ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.04 ટકા ઘટાડો થયો હતો. માર્કેટ બ્રેડથ નકારાત્મક જોવા મળ્યા હતા. બીએસઇ 1766 શેરો વધ્યા હતા, જ્યારે 2559 શેરો ઘટ્યા હતા અને 234 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 1.42 ટકા ઘટ્યો હતો. જેમાં પ્રેસ્ટીજ એસ્ટેટ, અનંતરાજ, ડીએલએફ, બ્રિગ્રેડ એન્ટરપ્રાઈઝ, ગોદરેજ પ્રોપર્ટીઝ, શોભા, લોઢા ડેવલર્સ, ફોનીક્સ મીલ્સ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો લાલ નિશાનમાં ચાલી રહ્યા છે. જ્યારે મોટા ભાગના એશિયન બજારો નીચા સ્તરે બંધ રહ્યા હતા. ફેડ અધ્યક્ષની ટિપ્પણીઓ બાદ રોકાણકારો ફેડરેટમાં વધુ વધારાની સંભાવનાનું મુલ્યાંકન કરી રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.78 ટકા, કેક 0.31 ટકા અને ડેક્સ 1.02 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.28 ટકા, તાઈવાન 1.78 ટકા, કોસ્પી 0.23 ટકા, અને જકાર્તા 1.13 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે શાંઘાઈ 0.16 ટકા, હેંગસેંગ 1.06 ટકા, સ્ટ્રેઈટસ 0.79 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### રૂપિયો મજબૂત થઇને 95ની નીચે

કરન્સી બજારમાં ડોલરમાં બેન્કોની સતત વેચવાલીના પગલે રૂપિયો વધુ મજબૂત બન્યો હતો અને 95ની નીચે સરક્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 23 પૈસા ઘટીને 94.95ના સ્તરે બંધ રહ્યા હતા. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.18ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 110.40, પાઉન્ડ 128.31, કેનેડિયન ડોલર 68.30, ઓસ્ટ્રેલિયન ડોલર 67.41, જાપાનીઝ યેન 0.5933 અને સીંગાપોર ડોલર 74.76ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.95 રૂ. |
| યુરો | 110.40 રૂ. |
| પાઉન્ડ | 128.31 રૂ. |
| યેન | 0.5930 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -12.99 | 76944.28 |
| નિફ્ટી | -24.60 | 24055.80 |
| બેન્ક નિફ્ટી | -615.35 | 57409.60 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 4.34 | 266.60 |
| ભારતી એરટેલ | 3.60 | 1877.20 |
| અદાણી પોર્ટસ | 3.41 | 1647.50 |
| એચસીએલ ટેક્નો | 2.99 | 1351.40 |
| રિલાયન્સ ઇન્ડ. | 2.51 | 1309.00 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારતી એરટેલ | 2.31 | 1902.10 |
| પાવરગ્રીડ | 2.14 | 265.20 |
| ઇન્ફોસીસ | 2.10 | 1120.00 |
| લાર્સન-ટુબ્રો | 1.96 | 4038.10 |
| નેસલે ઇન્ડિયા | 1.86 | 1451.50 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇટીસી | 3.98 | 266.45 |
| એચસીએલ ટેક્નો | 3.21 | 1351.00 |
| ઇન્ફોસીસ | 2.44 | 1154.00 |
| ભારતી એરટેલ | 2.30 | 1872.00 |
| રિલાયન્સ ઇન્ડ. | 1.74 | 1307.35 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મારૂતિ સુઝુકી | 4.16 | 12919.00 |
| એસબીઆઇ | 2.51 | 1033.40 |
| ઇન્ટરગ્લોબ | 2.48 | 5055.50 |
| બજાજ ફિનસર્વ | 2.40 | 1970.00 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.36 | 3242.50 |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-૩૦ | ૫૮૦૦ |
| એસ-૩૦ | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૦૦૦ |
| તેજાબી સોનું | ૧૫૬૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૧૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૩૮૬૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૬૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૩૭૯૦૦ |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

## 2026માં લાર્જકેપ મ્યુ. ફંડનું નેગેટિવ રિટર્ન

**મિડ**-સ્મોલકેપ ફંડસનું સારૂં પ્રદર્શન

નવી દિલ્હી, તા. 1: વર્ષ 2026માં અત્યાર સુધી મ્યુચ્યુઅલ ફંડની વિવિધ કેટેગરીના રિટર્નમાં મોટો તફાવત જોવા મળ્યો છે. લાર્જકેપ ફંડસમાં સરેરાશ 2.36 ટકાનો ઘટાડો થયો છે, જ્યારે મિડકેપ ફંડસે સરેરાશ 8.47 ટકા અને સ્મોલકેપ ફંડસે સરેરાશ 15.32 ટકાનું રિટર્ન આપ્યું છે. એટલે કે લાર્જકેપ શેરોમાં દબાણ હતું, ત્યારે મિડકેપ અને સ્મોલકેપ ફંડસે રોકાણકારો માટે વધુ સારી કમાણી કરી છે.

નિષ્ણાતોના મતે રોકાણકારોએ તેમના પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરવા પર વિચાર કરવો જોઈએ. આ માટે મિડકેપ અને સ્મોલકેપ ફંડસમાં સારી તેજી બાદ થોડો નફો બુક કરી શકાય છે અને તેનો એક ભાગ લાર્જકેપ ફંડસમાં રોકાણ કરી શકાય છે. જેથી નીચે સરકેલા લાર્જકેપ ફંડસમાં વધુ સારો લાભ મળી શકે. આમ, ઓછા વેલ્યુએશન પર ગુણવત્તાયુક્ત કંપનીઓમાં રોકાણ કરવાની તક મળી શકે.

નિષ્ણાતોનું કહેવું છે કે, રોકાણકારો માટે સૌથી મહત્વની બાબત એ છે કે પ્રદર્શનનો પીછો કરવાને બદલે પોર્ટફોલિયોને ફરીથી સંતુલિત કરવો. રોકાણકારની જોખમ લેવાની ક્ષમતા અને રોકાણના સમયગાળાના આધારે નવી રકમનું ધીમે ધીમે વિવિધ માર્કેટ કેપ કેટેગરીમાં રોકાણ કરવું જોઈએ.

## ઓગસ્ટમાં મેન્યુફેક્ચરીંગ સેકટર ધીમુ પડ્યું

**પીએમઆઇ** મેન્યુફેક્ચરીંગ 53.5થી ઘટીને 52.8 પર આવી ગયો

**પાંચ** વર્ષના નીચલા સ્તરે

નવી દિલ્હી, તા. 1

માગમાં મંદીની વચ્ચે ઉત્પાદન અને નવા ઓર્ડર ગ્રોથને જોતા ઓગસ્ટમાં દેશના મેન્યુફેક્ચરીંગ સેકટરનો ગ્રોથ પાંચ વર્ષના તળિયે 52.8 પર આવી ગયો હતો. આજરોજ જાહેર થયેલા એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરીંગ પરચેઝીંગ મેનેજર્સ ઇન્ડેક્સ ઓગસ્ટમાં ઘટીને 52.8 થયો હતો, જે જુલાઇમાં 53.5 હતો.

એચએસબીસી ઇન્ડિયા મેન્યુફેક્ચરીંગ પીએમઆઇ નવા ઓર્ડર, ઉત્પાદન, રોજગાર, સપ્લાયર્સની ડિલીવરી અવધિ અને પ્રાપ્તિ સ્ટોક જેવા પરિમાણો દ્વારા એકંદર વ્યવસાયની સ્થિતિને માપે છે. જેમાં માગ ઘટાડો થવાના કારણે નરમાશ નોંધાવી હતી.

એચએસબીસીના ચીફ ઈન્ડિયા ઈકોનોમિસ્ટ પ્રાંજલ ભંડારીએ જણાવ્યું હતું કે, ઓગસ્ટમાં ભારતની મેન્યુફેક્ચરિંગ ગ્રોથ ઘટીને 52.8 ટકા થઇ ગઇ છે. ઉત્પાદન સૂચકાંક ઓગસ્ટ 2021 પછીના સૌથી નીચલા સ્તરે આવી ગયો છે. આ સૂચવે છે કે ઉત્પાદન હજી પણ વધી રહ્યું છે, પરંતુ તેની ગતિ નોંધપાત્ર રીતે ધીમી પડી છે. સ્થાનિક જ નહીં પણ આંતરરાષ્ટ્રીય ઓર્ડર પણ વૃદ્ધિનો દર જુલાઇની તુલનામાં ધીમો રહ્યો હતો. જ્યારે રોજગારના ક્ષેત્રે અઢી વર્ષમાં પ્રથમ વખત મેન્યુફેક્ચરીંગ સેકટરમાં રોજગારીમાં ઘટાડો થયો હતો.

## પાર્લે બિસ્કિટના સીઇઓ તરીકે જયોર્જ કોવૂરની નિમણૂક

નવી દિલ્હી, તા. 1

પાર્લે બિસ્કિટ, પાર્લે-જી, મોનાકો, હાઈડ એન્ડ સીક અને મેલોડી બિસ્કિટ બનાવતી કંપનીએ આજથી તેના સીઈઓ તરીકે જયોર્જ કોવૂરની નિમણુંકની જાહેરાત કરી હતી. પાર્લેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કોવૂર પેપ્સીકોમાં ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે, જે ગ્રાહક વ્યવસાયો અને બજારોમાં કામ કરી ચૂકયા છે.

પાર્લે બિસ્કિટના મેનેજિંગ ડિરેક્ટર અજય ચૌહાણે જણાવ્યું હતું કે, અમે કોવૂરનું સ્વાગત કરીએ છીએ અને પારલેના મજબૂત પાયા પર નિર્માણ કરવા, અમારી ક્ષમતાઓને મજબૂત કરવા અને ટકાઉ વૃદ્ધિ માટે નવી તકો ખોલવા માટે તેમની સાથે મળીને કામ કરવા આતુર છીએ. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, કંપની તેમના નેતૃત્વ અને વિકાસના આગલા તબક્કામાં યોગદાનની રાહ જુએ છે.